| GJBK030000662026 | ફોજદારી કેસ નં.૫૫/૨૦૨૬<br>વડગામ પો.સ્ટે.ગુ.ર.નં.૫૯૦/૨૦૨૫ |
|---|---|

## આંક–૧ લગત હુકમ

આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં અગાઉ ગુનો કબુલ કરેલ છે. આરોપી ગરીબ વર્ગના છે.તેમના ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી હોય,દયાની માંગણી કરેલ છે.આરોપીને તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજા જણાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહે છે,આથી કબુલાત સ્વેચ્છાએ કરતા હોવાનુ જણાતા કબુલાત નોધવામાં આવે છે અને આરોપીને પ્રોહીબીશન અધિનિયમની કલમ ૬૫ એએ મુજબના ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને દોષિત ઠરાવ્યા બાદ સજા સાંભળાવામાં આવ્યા,આરોપીને ગુનાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરેલ છે.તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમા ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે.પોતે ગરીબ વર્ગના હોવાની તથા કુટુબની એકમાત્ર કમાનાર વ્યક્તિ હોવાની રજુઆત કરેલ છે.કુંટુંબના અને પોતાના ભવિષ્યને લક્ષમાં રાખી ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

આરોપીને દોષિત ઠરાવેલ હોય,આથી તેને સજા કરવી જોઈએ તેમ આ અદાલત માને છે,તેમજ સમાજના હીતમા પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી.આરોપીની રજુઆત ધ્યાને લેતાં તથા કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ ગુનાનો પ્રકાર તથા આરોપીની ઉંમર ધ્યાને લેતા તેને સુધરવાની પુરતી તક મળી રહે તેના હેતુથી યોગ્ય સજા થવી જોઈએ તથા આ કામે કાયદાથી લધુતમ સજા નિયત કરેલ છે,પરંતુ નામદાક ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજ નં.૭૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠકકરના કેસમા ઠરાવેલ છે કે,જયારે પુરતા અને વ્યાજબી કારણો હોય ત્યારે કેસના સંજોગોને ધ્યાનમા લઈ કોર્ટ લધુત્તમ સજાથી પણ ઓછી સજા કરી શકશે.ત્યારે હાલના ગુનાનો પ્રકાર,આરોપીની સ્થિતિ,કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ સજાનો અહેસાસ થાય અને ન્યાયનો હેતું જળવાય તે રીતે સજા કરવામા આવે તો તે યોગ્ય રહેશે તેમ આ અદાલતનું માનવું છે, તથા આરોપી જેલમાં અન્ય રીઢા ગુનોગારો ના સંપર્કમા આવે તો તેના જીવન પર વિપરીત અસર થવાની પણ સંભાવના છે,આ સંજોગોમાં આરોપીને કાયદામા નિયત કરેલ લધુતમ સજાથી પણ ઓછી સજા કરવા માટે પુરતા સંજોગો છે તથા લધુત્તમ સજાથી પણ ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ આ અદાલતનું માનવું છે,જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના આરોપી કમલેશભાઈ જગમાલભાઈ કંકોડીયા રહે.સલેમકોટ તા.વડગામ જી.બ.કાંનાઓનેબી.એન.એસ.એસ ક–૨૬૪ અન્વયે પ્રોહીબીશન અધિનિયમની કલમ–૬૫ એ.એ. મુજબના ગુના સબબ દોષીત ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ તેમજ કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દીન–૩(ત્રણ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.અપીલ સમયબાદ મુદ્દામાલ દેશી દારૂનો નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૦૯ માહે એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું.વડગામ
તા.૦૯/૦૪/૨૦૨૬

(ચંદ્ર શેખર શર્મા)
જયુડી.મેજી.ફ.ક.વડગામ
(જી.જે.૦૧૫૬૨)